બહુ ચિંતામાં છો, દીકરો બીમાર રહે છે, બધુ સારૂ થઈ જશે કહી ગઠિયાઓએ ૩ પરિવારના દાગીના પડાવ્યા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાનાં બગસરા તથા વડીયા પંથકમાં ત્રણ શખ્સોની એક ટોળીએ પાંચથી છ મહિના પહેલાં ત્રણ અલગ અલગ જગ્યાએ પોતાનું મોટર સાયકલ લઈ અલગ અલગ ઘરમાં જઈ અને પીવાનું પાણી માંગી અને કહેલ કે તમો બહું ચિંતામાં છો. અને તમને દુઃખ-દર્દ છે. અને તમારૂં બધુ સારૂ થઈ જશે. તેમ કહી ઘરધણીને વિશ્વાસમાં લઈ અને કપડાના રૂમાલમાં મુકાવી દઈ અને વિધી કરાવવાના નામે વૃધ્ધને ભોળવી વિશ્વાસમાં લઈ જઈ અને રૂપિયા ૧.૧૫ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

બગસરા તાલુકાના પીઠડીયા ગામે રહેતાં અરવિંદભાઈ મોહનભાઈ પીપળીયા નામનાં ૬૫ વર્ષીય વૃધ્ધના ઘરે ગત તા.૧૩/૭/૨૫ ના રોજ બપોરના આશરે સાડા ચારેક વાગ્યાના સમયે ત્રણ અજાણ્યો માણસો જેના મોબાઈલ નંબર ૭૫૬૭૦૪૩૨૧૯ વાળા પોતાનું મોટર સાયકલ લઈને આવેલ હતાં. અને પીવાનું પાણી માંગી વૃધ્ધને કહેલ કે તમો બહું ચિંતામાં છો. અને તમને દુઃખ-દર્દ છે. અને તમારૂં બધુ સારૂ થઈ જશે. તેમ કહી આ વૃધ્ધને વિશ્વાસમાં લઈ અને બાદમાં વૃધ્ધના પત્નિએ કાનમાં પહેરેવાની સોનાની બુંટીઓ નંગ-૨ નો વજન આશરે ૬ ગ્રામની કિમત રૂપિયા ૩૦,૦૦૦ ની એક કપડાના રૂમાલમાં મુકાવી દઈ અને વિધી કરાવવાના નામે વૃધ્ધને ભોળવી વિશ્વાસમાં લઈ વૃધ્ધના પત્નિની સોનની બુટી લઈ જઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

તો બીજા બનાવમાં વડીયા તાલુકાના અરજણસુખ ગામે રહેતાં શોભનાબેન અરવિંદભાઈ વસોયા નામનાં ૫૨ વર્ષીય મહિલા ગઈ તા.૨૯/૮/૨૫ ના રોજ પોતાની વાડીએ કામ કરતા હતા. ત્યારે તેમની પાસે બે અજાણ્યા ઈસમો મોબાઈલ નં. ૭૫૬૭૦૪૩૨૧૯ વાળા પોતાનું મોટર સાયકલ લઈને આ મહિલાની વાડીએ આવેલ હતાં. અને તેણી પાસે પીવાનું પાણી માંગેલ હતું. બાદમાં આ મહિલાને કહેલ કે, તમો બહું ચિંતામાં છો, અને તમારો દિકરો બિમાર રહે છે. અને તમારે બધુ સારૂ થઈ જશે. તમો ભાઈ-બીજના દિવસે ભુખલી સાથળી ગામે રામામંડળનું આખ્યાન જોવા માટે આવજો અને એક કિલો ગાયનું ચોખ્ખુ ઘી દિવેલ માટે લેતા આવજો. એ રીતેઆ મહિલાને વિશ્વાસમાં લઈ આ મહિલાએ કાનમાં પહેરેલ સોનાની કડીઓ આરોપીઓએ તેમના કપડામાં મુકી દયો તેમ કહી મહિલાની સોનાની કડી નં.૨ વજન આશરે છ ગ્રામની કિમત રૂપિયા ૫૦,૦૦૦ મુકાવી મહિલાને વાતોમાં ભોળવી જઈ અને વિશ્વાસમાં લઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

જયારે ત્રીજા બનાવમાં વડીયા તાલુકાના જુના બાદલપુર ગામે રહેતાં જયંતિભાઈ ભીમજીભાઈ રૈયાણી નામનાં ૬૭ વર્ષીય વૃધ્ધ ખેડુત ગત તા.૨૮/૧૧/૨૫ ના રોજ બપોરના બે વાગ્યાના સમયે ત્રણ અજાણ્યો માણસો જેના મોબાઈલ નં.૭૫૬૭૦૪૩૨૧૯ વાળાઓ પોતાનું મોટર સાયકલ લઈને વૃધ્ધના ઘરે આવેલ અને પીવાનું પાણી માંગી વૃધ્ધને કહેલ કે તમો બહું ચિંતામાં છો. અને તમારો દિકરો બિમાર રહે છે. અને તમારૂં બધુ સારૂ થઈ જશે. તેમ કહી વૃધ્ધને વિશ્વાસમાં લઈ અને વૃધ્ધના પત્નિએ કાનમાં પહેરેલ સોનાની બુંટીઓ નંગ-૨ નો વજન આશરે સાત ગ્રામની કિમત રૂપિયા ૩૫,૦૦૦ ની એક સફેદ કપડામાં મુકાવી દઈ અને વિધી કરાવવાના નામે વૃધ્ધને ભોળવી અને વિશ્વાસમાં લઈ વૃધ્ધના પત્નિની સોનાની બુંટીઓ લઈ જઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં પોલીસને આરોપીઓના સગડ મળતાં આરોપીઓને ઝડપી પાડવા આરોપીઓનું પગેરૂ દબાવ્યું છે. જયારે આરોપીઓ હાથવેંતમાં હોવાનું જાણવાં મળેલ છે.

ગીરના વન્યજીવ અને પર્યાવરણના રક્ષણ માટે પોલીસ અને વન વિભાગનો અનોખો સમન્વય

અમરેલી ખાતે બે દિવસીય કાર્યશાળા યોજાઈ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: ગીરના અમૂલ્ય વન્યજીવ વારસા અને પર્યાવરણના રક્ષણને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી, વન્યજીવ અને પર્યાવરણ સુરક્ષામાં ભાગીદાર તરીકે પોલીસ - ગીર લેન્ડસ્કેપ પરિપ્રેક્ષ્ય વિષય પર બે દિવસીય ઓરિએન્ટેશન અને સંવેદનશીલતા માટેનો કાર્યક્રમ અમરેલીના શાંતાબા ઓડિટોરિયમ ખાતે ૨૧ અને ૨૨ જાન્યુઆરી દરમિયાન યોજાયો હતો.

ગાંધીનગરના કોમ્યુનિકેશન વિભાગના નાયબ વન સંરક્ષક (હ્રઝ્રહ્વ) વિવેક તોડકર (હ્રજી) દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ સ્ટાફને વન્યજીવ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવાનો હતો.જયારે આ કાર્યક્રમમાં વન વિભાગના અનુભવી અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ તાલીમમાં અમરેલીના ડીવાય.એસ.પી., પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટર સહિત અંદાજિત ૪૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ સહભાગી થયા હતા. તેમને વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણીય સુરક્ષામાં તેમની ભૂમિકા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેઓને સિંહોના બિહેવીયર, ગીર લેન્ડસ્કેપ, માનવ- વન્ય પ્રાણી ઘર્ષણ વ્યવસ્થાપન, વન વિભાગ ના કાયદાઓ, પોલીસ અને વન વિભાગનું સંકલન તથા વન વિભાગની હેલ્પલાઈન વિશે માહિતગાર કરેલ હતા.

આ કાર્યક્રમમાં અમરેલીજિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અને તેમણે જણાવ્યું હતું કે, પોલીસ સ્ટાફને વન્યજીવ વિરુદ્ધના ગુનાઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવા અને ગુનાઓની શોધખોળમાં વન વિભાગ સાથે સંકલન સાધીને કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા.આ કાર્યક્રમ દ્વારા ગીર વિસ્તારમાં વન્યજીવ ગુનાઓ અટકાવવા અને પર્યાવરણના જતન માટે પોલીસ અને વન વિભાગ વચ્ચેના પરસ્પર સહયોગને એક નવી દિશા મળી છે.

આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક, ગીર પશ્ચિમ વિભાગના પ્રશાંત તોમર, નાયબ વન સંરક્ષક, ગીર પૂર્વ વિભાગના વિકાસ યાદવ તથા સક્કરબાગ ઝૂ ના ડાયરેક્ટ રરાજદીપસિંહ ઝાલા સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

રાજુલા યાર્ડમાં પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી

રાજુ પરસાણાની પ્રમુખ, પીઠા નકુમની ઉપપ્રમુખ તરીકે નિમણૂક; ભાજપનો દબદબો યથાવત્

અમરેલી:અમરેલી જિલ્લાના રાજુલા માર્કેટિંગ યાર્ડમાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવી છે. રાજુ પરસાણાની પ્રમુખ તરીકે અને પીઠા નકુમની ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદગી થઈ છે. આ વરણી સાથે અમરેલી જિલ્લાની સહકારી સંસ્થાઓ પર ભારતીય જનતા પાર્ટીનો દબદબો યથાવત્ રહ્યો છે.રાજુલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે આજે ચૂંટણી યોજાવાની હતી. જોકે, બંને હોદ્દેદારોની બિનહરીફ નિમણૂક કરવામાં આવી. આ સાથે રાજુલા માર્કેટિંગ યાર્ડમાં વર્ષોથી ચાલી આવતી ભાજપના શાસનની પરંપરા વધુ મજબૂત બની છે.

ધારાસભ્ય હીરા સોલંકીના પ્રયાસોથી રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાયો છે. હોદ્દેદારોની

વરણી થતાં જ ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં માર્કેટિંગ યાર્ડ ખાતે પહોંચ્યા હતા. તેમણે નવનિયુક્ત હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

નવનિયુક્ત ચેરમેન રાજુ પરસાણાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "આજે પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી છે, જેના માટે હું પ્રદેશ નેતૃત્વ અને જિલ્લા ભાજપ નેતૃત્વનો આભાર માનું છું. રાજુલા માર્કેટિંગ યાર્ડ વર્ષોથી ખેડૂત લક્ષી કામો કરતું આવ્યું છે અને અમારી ટીમ પણ ખેડૂત લક્ષી કામો કરતી રહેશે."ગુજરાત નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ જીગ્નેશ પટેલે પણ આ પ્રસંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "આજે માર્કેટિંગ યાર્ડની ચૂંટણી હતી. મને પણ ૧૫ થી ૨૦ વર્ષ સુધી પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળ્યો હતો, તે બદલ અમારા બોર્ડ સહિત બધાનો આભાર માનું છું. આજે ભાજપ દ્વારા પ્રમુખ તરીકે રાજુભાઈ અને ઉપપ્રમુખ તરીકે પીઠાભાઈની વરણી કરવામાં આવી છે. આવનારા દિવસોમાં તેઓ ખેડૂત લક્ષી કામગીરી કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું."

અમરેલી તાલુકા પોલીસે ઘેટા બકરાને કતલખાનાએ જતાં અટકાવી જીવ બચાવ્યો

અમરેલી: અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગઈકાલે રાત્રે નાઈટ પેટ્રોલિંગમાં હોય ત્યારે પેટ્રોલીગમાં ફરતા-ફરતા વહેલી સવારે ૪/૪૫ વાગ્યે વરસડા ગામે પહોંચતા પોલીસ સ્ટાફને બાતમી મળેલ કે, અમરેલી તરફથી એક ટ્રક કતલખાના માટેના ઘેટા-બકરા લઈને નિકળેલ છે. અને તેને કતલખાને લઈને જાય છે. અને હાલ આ વાહન ઈશ્વરીયા ગામે પહોંચવામાં છે. તેથી પોલીસે વરસડા ગામે ગામના બસ સ્ટેન્ડથી આગળ વળાંકમાં પર ઉભા રહી ઈશ્વરીયા ગામ તરફથી આવતા મોટા ટ્રક વાહનોને રોકી ચેકીંગ

શરૂ કરતા અમરેલી રહેતાં મહેબુબભાઈ અલીભાઈ શેખ, વસીમભાઈ યુસુફભાઈ કાલવા તથા સાવરકુંડલા ગામે રહેતાં આશીફભાઈ મહમદભાઈ બાવનકા તથા જુનેદભાઈ મુસુફભાઈ બાવનકા નામના આરોપીઓએ પોતાના હવાલા વાળા ટ્રકના ફાલકામાં વચ્ચે પોટેશન કરી ઉપર નીચે કુરતાપુર્વક ખીચોખીચ ગૂંગળાઈ અને મરી જાય તે રીતે નાના મોટા ઘેટા બકરા નંગ ૨૨૫ ભરી પ્રાણીઓ માટે પુરતા પાણી તથા ઘાસચારાની વ્યવસ્થા નહી રાખી તેમજ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે વેટેનરી ઓફીસરના પ્રમાણપત્ર વિના પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ભરી હેરાફેરી કરી પશુ પ્રત્યે ઘાતકી પણું દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી કુલ નાના મોટા ઘેટા બકરા જીવ નંગ ૨૨૫ કિમત રૂપિયા ૧૧,૨૫,૦૦૦ તથા ટ્રક વાહનની કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૯,૨૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડાઈ જતાં અમરેલી તાલુકા પોલીસે આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.જયારે ટ્રકમાંથી મળી આવેલને ઘેટા બકરાને કતલખાનાએ જતાં અટકાવી અને તેમને ગૌશાળામાં મોકલી આપી ૨૨૫ ઘેટા બકરાનો જીવ બચાવ્યો હતો.

ટ્રેનની સ્પીડ ઘટાડવી, ખાસ સિંહોને નુકસાન ન થાય તેની કાળજી રાખવી: જનરલ મેનેજર

સાવરકુંડલા:પશ્ચિમ રેલવે વિભાગના વડા જનરલ મેનેજર વિવેક ગુપ્તા સાવરકુંડલા રેલવે સ્ટેશનની ખાસ મુલાકાત આવ્યા હતા અને રેલ્વે સ્ટેશન તેમજ રેલવે વિભાગને લગતા પ્રશ્નો અને રજૂઆતોને સાંભળી હતી. સાવરકુંડલા વિસ્તાર સિહોનો વસવાટ વાળો વિસ્તાર હોવાથી અવાર નવાર ભૂતકાળમાં અનેક સિંહોના મૃત્યુ પણ થયા છે વન વિભાગ સાથે મળીને રેલવેની સ્પીડ ઘટાડવી તેમજ ખાસ સિંહોને નુકસાન ન થાય તેની કાળજી રાખવાની સૂચનાઓ જનરલ મેનેજર આપવામાં આવી હતી.

સિંહોની અવર જવરનો જે વિસ્તાર છે ત્યાં સુરક્ષાના ભાગરૂપે ફેન્સીંગ પણ કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી સાવરકુંડલા શહેરની વચ્ચે આવેલ બે ફાટકોની સમસ્યા માથાના દુખાવા સમાન બની રહી હોવાથી જેસર રોડ અને માર્કેટિંગ યાર્ડ સામેનું ફાટક જયાં નિઃશુલ્ક હોસ્પિટલ આવેલી તેમજ માર્કેટિંગ યાર્ડ અને મોટાભાગના લોકોના નિવાસ્થાનો છે એટલે અવર જવરમાં અવાર નવાર ફાટક બંધ રહેતું હોય ગુડઝ ટ્રેનોનો સતત આવરો જવરો હોવાથી આ ફાટકને ઓવરબ્રિજ કે અંડર બ્રિજ કરવામાં

આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. રેલવે જનરલ મેનેજર વિવેક ગુપ્તાએ જણાવ્યું હતુંકે આ બાબત અમારે ધ્યાને છે જેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટૂંક સમયમાં કામ ચાલુ કરવામાં આવશે.

સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામ પાસે આવેલ ૯૫ નંબરના ફાટકની છેલ્લા બે વર્ષથી મોટી સમસ્યાઓ સર્જાણી છે રાતના આઠથી સવારના ૮ સુધી આ ફાટક સંપૂર્ણપણે બંધ રહે છે. ત્યારે આસપાસના ૭૦ જેટલા ખેડૂતો જમીન સામે કાંઠે આવેલ હોય ઉપરાંત વાડી ખેતરમાં રહી અને ખેત મજૂરો કામ કરતા હોય ત્યારે મજૂરોને કોઈ ઈમજન્સી કે અગત્યનું કામ હોયતો સવારના આઠ સુધી આવી શકતા નથી જેને કારણે મજૂરો ખેતરો છોડી રહ્યા છે આ સમસ્યાની રજૂઆત આ વિસ્તારના લોકોએ કરી છે ત્યારે આ સમસ્યાને લઈ અને જનરલ મેનેજર વિવેક ગુપ્તાએ તે દિશામાં યોગ્ય કાર્યવાહી કરી અને આ સમસ્યાનો વહેલી તકે હલ લાવવાની ખાતરી આપેલ. સાવરકુંડલા રેલવે સ્ટેશન મથકે રેલવેના અધિકારીઓ સાથે સાંસદ અને ધારાસભ્ય સહિતના અગ્રણીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદ ભરત સુતરીયાએ રેલવેની વિવિધ પ્રકારની સુવિધાઓ અને સમસ્યાઓ બાબતે જનરલ મેનેજર વિવેક ગુપ્તાને રજૂઆતો કરતા તેમની તમામ રજૂઆતો ધ્યાનમાં લઈ અને વહેલી તકે ઉકેલ લાવવાની ખાતરી આપી છે. આ અધિકારીઓએ રેલવે પ્લેટફોર્મ તેમજ ઉપર બની રહેલા બ્રિજનું ખાસ નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ પણ આપી હતી ત્યારે જી.એમ. વિવેક ગુપ્તાનું સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા સાવરકુંડલા કાંટા ઉદ્યોગના વેપારી હીરા ઉદ્યોગના વેપારી નગરપાલિકા માર્કેટિંગ યાર્ડ તેમજ અન્ય અગ્રણીઓએ ખાસ સન્માન કર્યું હતું.

લીલીયામાં નલ સે જલ યોજના ટલ્લે ચઢી, મુદતના ૪ માસ બાદ પણ હાઉસ કનેક્શન નથી અપાયા

લીલીયા:લીલીયામાં લોકો માટે નલ સે જલ યોજના અને ભૂગર્ભ ગટરની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની છે. અહી ત્રણ ત્રણ વખત નલ સે જલ યોજનામાં હાઉસ કનેકશનની કામગીરી માટે ગ્રામસભામાં હોબાળો મચ્યો હતો અને ગ્રામસભા મોકૂફ રાખવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ યોજનમાં ઘર કનેકશનની કામગીરી કરવામાં આવી જ નથી. અહી કામગીરી પૂર્ણ કરવાની મુદતના ચાર માસ વિતી ગયા છે. પરંતુ હજુ સુધી અહીં હાઉસ કનેકશનની કામગીરી જ કરવામાં આવી નથી.લીલીયામાં ત્રણ ઝોનમાં રૂપિયા ૯ કરોડના ખર્ચે નલ સે જલ યોજનાની કામગીરી પાછળા વર્ષોથી ટલ્લે ચડી છે. આ યોજના હેઠળ અહી ૩ ઉંચી ટાંકી, ૩૨ કિલોમીટરની પાઈપલાઈન અને સંપ બનાવવામાં આવ્યો છે. પરંતુ લોકોના ઘરે હજુ પાણી પહોંચ્યુ નથી. કારણ કે ૩ વર્ષથી અહી હાઉસ કનેકશનની કામગીરી કરવામાં જ આવી નથી. લીલીયા ગ્રામ્ય નળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વાસમો પુરસ્કૃત એગમેનટેશન ઓફ ટેપ કનેક્ટિવીટી ઈન રૂલર એરીયા જનરલ કાર્યક્રમ અંતર્ગત જળ

વિતરણ પાઈપલાઈન ઘર કનેકશન કામગીરીનું ટેન્ડર તારીખ ૧૫-૫-૨૦૨૫ના રોજ ખોલવામાં આવ્યું હતું.લીલીયામાં હાઉસ કનેકશન કામગીરી શરૂ થવાની તારીખ ૨૬-૬-૨૦૨૫ થી ૨૫-૯-૨૦૨૫ સુધીની હતી. એટલે કે આ કામગીરી ૩ માસમાં કરવાની હતી. પરંતુ નલ સે જલ યોજનામાં હાઉસ કનેકશનની કામગીરીની મુદત પૂર્ણ થયાને ૪ માસ જેટલો સમય વિતી ગયો છે. પરંતુ હજુ સુધી કામગીરી જ હાથ ધરવામાં આવી નથી. શહેરમાં નલ સે જલ યોજનામાં ઘર કનેકશન આપવા સહિતના મુદ્દે પાછલી ત્રણ ગ્રામસભામાં ગ્રામજનોએ હોબાળો માચાવ્યો હતો. જેના પગલે તંત્રને આ ગ્રામસભા મોકૂફ રાખવાની ફરજ પડી હતી. પરંતુ લીલીયામાં આજ દિન સુધી આ યોજના હેઠળ હાઉસ કનેકશનની કામગીરી શરૂ કરવામાં આવી જ નથી. જેના કારણે ગ્રામજનોમાં તંત્ર સામે રોષ છે.

નદીમાં સિંહણ, ૨ બાળસિંહનો સાહસિક પ્રવાસ

ઊના:કુદરતના ખોળે પથરાયેલ લીલોતરી ચાદર મા પથરાયેલું ગીરનું જંગલ હંમેશા વન્ય વૃક્ષો ભરેલો રહેતો હોય ગીર નેશડા વચ્ચે ખળખળ વહેતી નદી ના નિર વન્યજીવન સાથે વાતો કરતા હોય આવા કુદરતી વાતાવરણ વચ્ચે ગીર નુ વન્ય વિસ્તાર વિશ્વભરમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. આમ તો ગીર જંગલ રહેલાં વનરાજા ના અનેક વિડીયો તસવીરો છાશવારે સોશિયલ મીડિયા પર વાઈરલ થતી રહેછે પરંતુ આ અનોખો વિડીયો છે જેણે વન્યપ્રેમીઓના દિલ જીતી લીધા છે. આ તસવીરો મા એક સિંહણ તેના બે માસૂમ બચ્ચા સાથે જંગલની નદી પાર કરતી જોવા મળી રહી છે.જે માતૃત્વ ના સાહસનો સંગમ કહી શકાય! વાસ્તવિક જોઈ શકાય છે કે, જંગલ વિસ્તારમાંથી પસાર થતી એક નદીમાં પાણીનો પ્રવાહ વહી રહ્યો છે.

સિંહણ અને તેના બે સિંહબાળ નદીના કાંઠે પહોંચે છે. સામે કાંઠે જવા માટે 'જવાબદાર માતા'ની ભૂમિકા ભજવતી સિંહણ તેના બાળને સલામત રીતે નદી પાર કરતી જોવા મળે છે. બચ્ચાઓ પાણીમાં સુરક્ષિત રીતે પસાર થઈ શકે તે માટે સિંહણ પહેલા પોતે પાણીમાં ઉતરેછે. પાણી ની ઊંડાઈ માપતી વખતે સિંહણ પાછળ વળીને પોતાના બચ્ચાઓ તરફ જુએ છે, જાણે તેમને

હિંમત આપી રહી હોય. માતાને પાણીમાં ઉતરતી જોઈ, બંને સિંહબાળ પણ પક્ષીઓના કલરવ વચ્ચે ધીમે-ધીમે નદી ના પાણીમાં ડગલાં માંડે છે અને સફળતાપૂર્વક સામે કાંઠે પહોંચે છે.

જંગલના શાંત વાતાવરણમાં સિંહ પરિવારની આ મસ્તી અને શિસ્તબદ્ધ જીવનશૈલી જોઈને પ્રવાસીઓ મંત્રમુગ્ધ થયા છે. ગીરના ઘરેણાં સમાન એશિયાટિક સિંહોના આવા વીડિયો વારંવાર સાબિત કરે છે કે ગીર કેમ સિંહો માટે વિશ્વનું સર્વશ્રેષ્ઠ નિવાસસ્થાનમાનવામાં આવે છે.

સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્કવોડે અમરેલીથી ૩ ફરાર આરોપીને ઝડપ્યા

વઢવાણના મારામારી કેસના આરોપીઓ પકડાયા

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર પેરોલ ફર્લો ટીમે બી-ડિવિઝન પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનાનો અને વઢવાણ પોલીસ મથકના મારામારીના ગુનામાં નાસતા ફરતા ત્રણ આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.સુરેન્દ્રનગર પેરોલ ફર્લો ટીમે બાતમીના આધારે શહેરના બી-ડિવિઝન પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી હિતેશભાઈ કનુભાઈ દુલેરા (રહે. સુરેન્દ્રનગર)ને અમરેલીથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે બીજા બનાવમાં

વઢવાણ પોલીસ મથકના મારામારી તેમજ જાહેરનામા ભંગના ગુનામાં નાસતા ફરતા આનંદ ઉર્ફે ટકો ચતુરભાઈ મકવાણા (રહે. ફિરદોષ સોસાયટી, સુરેન્દ્રનગર) તેમજ મોહિત ઉર્ફે ઢગો ભાવેશભાઈ પારધી (રહે. ગણપતિ ફાટસર, વઢવાણ)ને પણ અમરેલીની એક હોટલમાંથી ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે જેતે પોલીસ મથકને સોંપ્યા છે.

બાબરામાં વેપારી પર હુમલો કરનાર આરોપીના ઘરે પીજીવીસીએલ અને પોલીસનો દરોડો

બાબરા: બાબરામાં વેપારી પર જીવલેણ

હુમલો કરનાર આરોપીના ઘરે પીજીવીસીએલ અને પોલીસે દરોડો પાડી ગેરકાયદેસર વીજ જોડાણ ઝડપી પાડ્યું હતું. અહીંથી રૂપિયા ૨૪,૪૩૩ની વીજ ચોરી ઝડપાઈ હતી. બાબરામાં વેપારી ભરતભાઈ કનુભાઈ રાદડીયા પર ગઈકાલે પ્રતાપભાઈ ધાધલે છરી વડે હુમલો કર્યો હતો. અમરેલી પોલીસ અધીક્ષક સંજય ખરાતે અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપતા બાબરા પોલીસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. નિલવડા ગામના આરોપી પ્રતાપભાઈ બદરૂભાઈ ધાધલના ઘરે પીજીવીસીએલને સાથે રાખી પોલીસે દરોડો પાડ્યો હતો. અહીંથી રૂપિયા ૨૪,૪૩૩ની વીજ ચોરી ઝડપી પાડી હતી. અહીથી ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કરી મીટર જપ્ત કરવામાં આવ્યું છે.